# બીજ ટેક્નોલોજિસ્ટ

બીજ ટેક્નોલોજિસ્ટ બીજની ભૌતિક અને આનુવંશિક લાક્ષણિકતાઓને સુધારવાની પદ્ધતિઓ ઉપર કામ કરે છે. બીજ ટેકનોલોજીમાં વિભિન્ન પ્રકારની વૈવિઘતા ધરાવતી બીજની અલગ અલગ જાતો વિકસાવવા સહિત બીજ ઉત્પાદન, બીજ પ્રક્રિયાઓ, પ્રમાણપત્ર અને સંગ્રહ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનમાં રૂચિ ધરાવો છો
- તમને નવી વસ્તુઓ બનાવવામાં આનંદ મળે છે
- તમે ઉત્તમ વિશ્લેષણાત્મક કુશળતા ધરાવો છો
- તમને ટીમમાં કામ કરવું ગમે છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૫,૦૦૦ થી ૨,૨૫,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. કૃષિ / બાયોટેકનોલોજી / લાઈફ સાયન્સ / જીવવિજ્ઞાન અથવા અન્ય કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, બીજ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં અનુસ્નાતક(M.Sc.)ની ડિગ્રી મેળવો.

બીજ વિજ્ઞાન અને ટેકનોલોજી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે, તમારે આઈ.સી.એ.આર., એ.આઈ.ઈ.ઈ.એ., ગેટ, ઓ.યુ.એ.ટી., સી.યુ.ઈ.ટી., એન.પી.એ.ટી., જી.એસ.એ.ટી., એગ્રીસેટ જેવી પ્રવેશ પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરવી પડશે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

બીજ ટેક્નોલોજિસ્ટનું અંદાજીત માસિક વેતન **રૂ. ૬૭,૭૦૦ થી ૨,૦૮,૭૦૦*** જેટલું હોય છે.

સ્રોત: http://nsrtc.nic.in/Recuit/Recruitment.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બાગાયત ઉદ્યોગ, નર્સરી, છોડ સંવર્ધન કેન્દ્રો, સંશોધન પ્રયોગશાળાઓ સહિત અન્ય સંસ્થાઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ઓફિસમાં કામ કરશો. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

બીજ/પાક નિષ્ણાત → બીજ/પાક નિરીક્ષક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સીડ ટેક્નોલોજિસ્ટ, સીડ સાયન્ટિસ્ટ, , એગ્રીકલ્ચર સાયન્ટિસ્ટ

**મને સ્કેન કરો**

**વેબસાઈટ પર જુઓ**

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કૃષિ વિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી, ગાંધીનગર
૨. ઉત્તરાંચલ યુનિવર્સિટી, દેહરાદૂન
૩. મહારાણા પ્રતાપ યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેકનોલોજી, ઉદયપુર
૪. બિધાન ચંદ્ર કૃષિ વિશ્વ વિદ્યાલય, પશ્ચિમ બંગાળ
૫. ભારતીય કૃષિ સંશોધન સંસ્થા, નવી દિલ્હી
૬. એસ.ડી.એ.યુ., પાલનપુર
૭. નવસારી એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, નવસારી
૮. આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, આણંદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. રાયસોની ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશન્સ, નાગપુર
૨. નોબલ યુનિવર્સિટી, જુનાગઢ
૩. એમ.જી.એસ. ફતેહગઢ સાહિબ, પંજાબ
૪. મહારાણીની સાયન્સ કોલેજ ફોર વુમન, મૈસુર
૫. એસ.એમ.સી.ઈ.ટી., જયપુર
૬. સેફાયર ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશન્સ, મધ્યપ્રદેશ
૭. ચાણક્ય મહાવિદ્યાલય, ભોપાલ
૮. પી.પી. સવાની યુનિવર્સિટી, સુરત

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=seed/
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

**બદ્રીનારાયણ રામુલાલ બરવાલે**, ભારતમાં બીજ ટેકનોલોજીના પિતા તરીકે વિખ્યાત છે, તેમણે સસ્તા અને સારી ગુણવત્તાવાળા બીજના ઉત્પાદન માટેની પહેલ કરી છે. મહારાષ્ટ્રમાં શાકભાજીની ઉપજ વધારવા માટે તેમણે ભીંડાના બીજથી શરૂઆત કરી હતી. વર્ષ ૧૯૯૮માં તેમને વિશ્વ ખાદ્ય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.*

સ્રોત: https://indianexpress.com/article/india/b-r-barwale-1931-2017-the-engine-oil-dealer-who-fathered-indias-seed-industry-4779620/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.